# એમ્બ્રોઈડરીમાં કારીગરોને રજા માટે લેબર કાયદાનો અમલ કરોઃ તંત્ર

**લેબર** વિભાગ, એમ્બ્રોઈડરી એસોસિએશન, ઔદ્યોગિક સંગઠનો અને કામદાર સંગઠનોની સંયુક્ત બેઠક યોજાઈ

સુરતઃ સુરતના એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં કામદારોના પડતર પ્રશ્નોને લઈને ઊભી થયેલી સ્થિતિ વચ્ચે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેબર વિભાગ, એમ્બ્રોઈડરી એસો., ઔદ્યોગિક સંગઠનો તથા કામદાર સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં શ્રમિકોને લાગુ પડતા લેબર કાયદાઓનું પાલન કરવા તથા ઔદ્યોગિક શાંતિ જાળવવા તંત્ર દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો. રવિવારે સાપ્તાહિક રજા, આઠ કલાકની શિફ્ટ, પૂરા વેતન સાથેની રજા, ગ્રેજ્યુઈટી, પીએફ અને દિવાળી બોનસ સહિતના કાયદેસરના હકોની માંગ સાથે 11 સપ્ટેમ્બરે આશરે 1500 એમ્બ્રોઈડરી કારીગરો રજાના દિવસે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. આ ઘટના બાદ લેબર વિભાગ દ્વારા પાંડેસરા ધમણવાલા કોમ્પ્લેક્સમાં બેઠક યોજાઈ હતી અને હવે અઠવાલાઈન્સ ખાતે બીજી બેઠક યોજવામાં આવી છે.

બેઠક દરમિયાન એમ્બ્રોઈડરી એસોસિએશનના અગ્રણીઓએ રજૂઆત કરી હતી કે વીજળીના સ્ટેગરિંગ મુજબ એકમોમાં કારીગરોને સાપ્તાહિક રજા આપવામાં આવે છે. એસોસિએશનના દાવા મુજબ એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં આશરે ચાર લાખ કારીગરો કામ કરે છે અને તેમને મહિને રૂ.25 હજારથી રૂ.40 હજાર સુધીનું વેતન મળે છે. ઉદ્યોગમાં 15થી 30 હેડ ધરાવતા અને આશરે રૂ.70 લાખ સુધીની કિંમતના આધુનિક એમ્બ્રોઈડરી મશીનો કાર્યરત હોવાનું પણ એસોસિએશન દ્વારા જણાવાયું હતું. એસોસિએશનના પ્રતિનિધિઓએ એવો દાવો પણ કર્યો હતો કે મોટા ભાગના કારીગરો હાલના પગારધોરણથી સંતુષ્ટ છે અને મર્યાદિત સંખ્યામાં કારીગરો તથા યુનિયન સાથે જોડાયેલા કેટલાક લોકો સોશિયલ મીડિયા મારફતે વીડિયો વાયરલ કરીને કારીગરોમાં અસંતોષ ઊભો કરી રહ્યા છે.

જોકે, કામદાર સંગઠનો દ્વારા ઉઠાવવામાં આવેલા કાયદેસરના હકોના પ્રશ્નો અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. 16 ઓગસ્ટે અમરોલીમાં વેદાંત ઈન્ડસ્ટ્રીઝ ચાર રસ્તા પાસે એકત્ર થયેલા આશરે 500 શ્રમિકોના ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ ટોળા દ્વારા પથ્થરમારો થતાં એક પોલીસકર્મીને મોઢાના ભાગે ઈજા થઈ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. ત્યારબાદ પોલીસે ટોળાને વિખેરવા લાઠીચાર્જ કર્યો હતો. બેઠકમાં તમામ હિતધારકોએ ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તે માટે અપીલ કરી હતી. સાથે જ શ્રમિકોના કાયદેસરના હકો અને ઉદ્યોગની કામગીરી વચ્ચે સંતુલન જાળવવા ભાર મૂકાયો હતો.

# બેંગકોકથી અમદાવાદ આવેલો સુરતનો પ્રવાસી ગાંજા સાથે ઝડપાયો

**‘સૂકવેલા** જામફળ’ના નામે પેકેટોમાં છુપાવેલો 3.40 કરોડનો 973.23 ગ્રામ હાઈડ્રોપોનિક્સ ગાંજો મળી આવ્યો

અમદાવાદઃ બેંગકોકથી અમદાવાદ આવેલા સુરતના એક પ્રવાસીના કેબિન બેગમાંથી ‘સૂકવેલા જામફળ’ના નામે છુપાવેલો 973.23 ગ્રામ ગાંજો કસ્ટમ્સની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ ઝડપી પાડ્યો છે.

પ્રવાસીએ કાગળની કેરી બેગમાં રાખેલા બે પ્લાસ્ટિક પેકેટમાં કુલ 30 નાના પ્રિન્ટેડ પેકેટ છુપાવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ પેકેટોમાં રહેલો લીલા રંગનો પદાર્થ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. કસ્ટમ્સે નશીલા દ્રવ્યો વિરોધી ધારા હેઠળ જથ્થો જપ્ત કરી મુસાફરની ધરપકડ કરી છે. આ ગાંજાની કિમત 3.4 કરોડ જેટલી થવા જાય છે.

કસ્ટમ્સના જણાવ્યા અનુસાર, અગાઉથી મળેલી બાતમીના આધારે કસ્ટમ્સના એક ઈન્ટેલીજન્સ યુનિટના અધિકારીઓએ 29 સપ્ટેમ્બરે બેંગકોકથી ફ્લાઈટ નં. TG-343 મારફતે અમદાવાદ આવેલા સુરતના એક પ્રવાસીને અટકાવ્યો હતો. તેના કેબિન બેગેજની તપાસ દરમિયાન એક પેપર કેરી બેગ મળી હતી. આ બેગમાં બે પ્લાસ્ટિક પેકેટમાં કુલ 30 નાના પ્રિન્ટેડ પેકેટ રાખવામાં આવ્યા હતા.

પેકેટો ઉપર ‘ડિહાઈડ્રેટેડ ગુવા’ એટલે કે સૂકવેલા જામફળ લખેલું હતું. જોકે, પેકેટોની તપાસ કરતાં તેમાં લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. નશીલા દ્રવ્ય માટેની ફીલ્ડ ટેસ્ટ કિટથી પ્રાથમિક પરીક્ષણ કરતાં પદાર્થ ગાંજા (મારિજુઆના) માટે પોઝિટિવ આવ્યો હતો.

કસ્ટમ્સે કુલ 973.23 ગ્રામ જપ્ત કરાયેલા ગાંજાને NDPS એક્ટ, 1985ની જોગવાઈઓ હેઠળ કબજે કર્યો છે અને મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં વાપસીની ચર્ચાથી રાજકારણમાં ગરમાવો

**હાઈકમાન્ડ** સાથે ચર્ચા-વિચારણા ચાલી રહી છે, લીલી ઝંડી મળ્યા બાદ વાઘેલાના કોંગ્રેસમાં જોડાવા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી કોંગ્રેસમાં જોડાશે તેવી અટકળોએ રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલાના પુનઃપ્રવેશ અંગે હાઈકમાન્ડ સ્તરે ચર્ચા ચાલી રહી હોવાની વાત સામે આવી છે. જોકે, શંકરસિંહ વાઘેલાએ સપ્ટેમ્બર 2026માં કોંગ્રેસમાં જોડાવાની ચર્ચા ચાલી હતી, પરંતુ પોતાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી સાથે 2027ની વિધાનસભા ચૂંટણી માટે સક્રિય થવાની વાત કરી હતી.

દરમિયાન પ્રદેશ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ શંકરસિંહ વાઘેલાના સંભવિત કોંગ્રેસ પ્રવેશ અંગે જણાવ્યું હતુ કે શંકરસિંહ વાઘેલા સહિત કેટલાક અગ્રણી નેતાઓને કોંગ્રેસમાં આવકારવા માટે હાઈકમાન્ડ સાથે ચર્ચા-વિચારણા ચાલી રહી છે. હાઈકમાન્ડ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ વાઘેલાના કોંગ્રેસમાં જોડાવા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. ગુજરાતમાં અનેક લોકો કોંગ્રેસ સાથે જોડાવા માટે વાતચીત કરી રહ્યા છે, અને આગામી સમયમાં વધુ નેતાઓ કોંગ્રેસ સાથે એક મંચ પર જોવા મળી શકે છે. શંકરસિંહ વાઘેલા ભાજપની નીતિઓ સામે જાહેરમાં નિવેદનો આપી રહ્યા છે અને પોતાની રીતે રાજકીય લડત પણ ચલાવી રહ્યા છે. શંકરસિંહ વાઘેલાની પોતાની પાર્ટી હોવાથી તેમના પક્ષના લોકો સાથે પણ વાતચીત ચાલી રહી છે. 2027ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ રાજકીય તાકાતોને સાથે લાવવાની દિશામાં ચર્ચા ચાલી રહી છે.

શંકરસિંહ વાઘેલા અગાઉ લાંબા સમય સુધી કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા. જોકે, 2017ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં તેમણે કોંગ્રેસથી અલગ થઈને જન વિકલ્પ મોરચો બનાવ્યો હતો અને ત્યારબાદ પોતાની રાજકીય પાર્ટી સ્થાપી હતી. હવે 2027ની વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે વાઘેલાની રાજકીય સક્રિયતા ફરી વધી છે. સપ્ટેમ્બરમાં તેમણે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના હોદ્દેદારો અને સમર્થકો સાથે બેઠક કરીને આગામી વિધાનસભા ચૂંટણી માટે સંગઠનને સક્રિય કરવાની દિશામાં ચર્ચા કરી હતી. વાઘેલા તાજેતરમાં પોતાની પાર્ટી સાથે 2027ની ચૂંટણીની તૈયારી કરવાની વાત કરી ચૂક્યા છે. તેથી વાઘેલા ખરેખર કોંગ્રેસમાં જોડાશે કે પોતાની પાર્ટી સાથે રાજકીય મેદાનમાં ઉતરશે તે અંગેનો અંતિમ નિર્ણય હજુ સ્પષ્ટ થયો નથી.

# પાલ RTOમાં ક્લાર્ક-અરજદારની ઝપાઝપીનો વિડીયો વાયરલ!

**અરજદારે** વિડીયો ઉતારતા જ ક્લાર્ક ભડક્યો, હાથ ઉપાડ્યાનો આક્ષેપ



સુરતઃ પાલ સ્થિત RTO કચેરી ખાતે મંગળવારે સર્વર ડાઉનની સમસ્યાને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. ડ્રાઈવિંગ લાયસન્સ શાખામાં બે દિવસથી સર્વર ઠપ હોવાને કારણે અરજદારોના કામો ખોરવાયા હતા, જેના પરિણામે કચેરીમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. એક જાગૃત અરજદારે સમગ્ર હાલાકી અને વ્યવસ્થાની પોલ ખોલતો વીડિયો મોબાઈલમાં રેકોર્ડ કરવાનું શરૂ કર્યું હતું.

અરજદાર દ્વારા વીડિયો ઉતારવામાં આવી રહ્યો છે તે જોઈને ડ્યુટી પર હાજર ક્લાર્ક યોગેશ ઉશ્કેરાઈ ગયા હતા. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ક્લાર્ક અને અરજદાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ રહી છે અને મામલો એટલો હદે બિચક્યો કે ક્લાર્ક દ્વારા કથિત રીતે અરજદાર સાથે ઝપાઝપી કરી હાથ પણ ઉપાડવામાં આવ્યો હતો. આ મામલો તાત્કાલિક RTOના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચ્યો હતો. અધિકારીઓએ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સંબંધિત ક્લાર્કને કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. જોકે, ત્યારબાદ સબંધિત અરજદારનું અટવાયેલું કામ તાત્કાલિક પૂરું કરી આપવામાં આવતા મામલો થાળે પડ્યો હતો.

# શિક્ષણ સંવર્ગની ખાતાકીય પરીક્ષાની તારીખો જાહેર, 28-29 નવેમ્બરે પરીક્ષા

**3 ઓક્ટોબર** સુધી ઓનલાઈન ફોર્મ ભરાશે

### પાસ થવા 50 ટકા ગુણ ફરજિયાત

ઉમેદવારે દરેક પેપરમાં અલગથી ઓછામાં ઓછા 50 ટકા ગુણ મેળવવા પડશે. કોઈ વિષયમાં 50 ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારને તે વિષયમાંથી મુક્તિ મળશે. જો ઉમેદવાર માત્ર એક વિષયમાં 50 ટકાથી ઓછા ગુણને કારણે નાપાસ થતો હોય તો તે વિષય પૂરતા વધુમાં વધુ 5 કૃપા ગુણ આપવાની જોગવાઈ છે. આ પરીક્ષા માટે માત્ર પૂરા પગારમાં સમાવેશ થયેલા કર્મચારીઓ જ પાત્ર ગણાશે. પરીક્ષામાં ઉમેદવારોને સરકારી અધિકૃત પુસ્તકો, કાયદાના મૂળ ગ્રંથો તથા નિયમોની પ્રમાણિત નકલો પરીક્ષાખંડમાં સાથે રાખવાની છૂટ આપવામાં આવશે.

સુરતઃ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ તથા પંચાયત સંવર્ગમાં ફરજ બજાવતા વિવિધ વર્ગ-3ના કર્મચારીઓ માટેની પ્રમોશનલ ખાતાકીય પરીક્ષાનો કાર્યક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક), વિસ્તારણ અધિકારી (શિક્ષણ) તથા કેળવણી નિરીક્ષક વર્ગ-3ના કર્મચારીઓ આ પરીક્ષા આપી શકશે. પરીક્ષા માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ઉમેદવારો 3 ઓક્ટોબર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના જાહેરનામા મુજબ ખાતાકીય પરીક્ષા 28 અને 29 નવેમ્બરના રોજ લેવામાં આવશે. પરીક્ષા માટે અમદાવાદ અને ગાંધીનગર ખાતે કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારોએ બોર્ડની સત્તાવાર વેબસાઇટ પરથી ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહેશે. અરજીની પ્રિન્ટ, આધારો સાથે નિયત સમયમર્યાદામાં સંબંધિત કચેરીમાં જમા કરાવવાની રહેશે. પરીક્ષા OMR પદ્ધતિથી ઓફલાઇન માધ્યમમાં લેવામાં આવશે. દરેક પેપર 100 ગુણનું અને 100 બહુવિકલ્પીય પ્રશ્નો ધરાવતું રહેશે. એટલે ચાર પેપરની કુલ પરીક્ષા 400 ગુણની રહેશે. 28 નવેમ્બરે સવારે 10થી બપોરે 1 વાગ્યા સુધી પેપર-1 સેવાપ્રથા અને બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધી પેપર-2 હિસાબીપ્રથા લેવાશે. 29 નવેમ્બરે સવારે 10થી બપોરે 1 વાગ્યા સુધી પેપર-3 શિક્ષણ ખાતાના નિયમો, ધારાધોરણો તથા યોજનાઓ બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધી પેપર-4 પ્રકીર્ણ લેવાશે.

# સરથાણા જકાતનાકાથી કામરેજ રોડને ‘આઈકોનિક’ બનાવવાનો પ્રોજેક્ટ ટલ્લે

**સૌરાષ્ટ્રવાસી** વિસ્તારોમાં 10 વર્ષ પછી કમબેક કરવા છતાં શાસકોએ અંદાજો મુલતની રાખતાં વિપક્ષની ટકોર



સુરતઃ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને સુરત મનપાના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘણે એક વિડીયો સંદેશ મારફતે ભાજપ શાસકો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, ભાજપના નેતાઓએ ‘‘વરાછાનો વિકાસ કરીશું’’ તેવાં વચનો આપીને મત મેળવ્યા હતા, પરંતુ જ્યારે વાસ્તવિક વિકાસકાર્યો કરવાની વાત આવે ત્યારે મંત્રીઓ અને કોર્પોરેટરો મૌન સેવી લે છે. ભૂતકાળમાં ‘આપ’ના કોર્પોરેટરો દ્વારા કરાયેલાં કામોનું ખાતમુહૂર્ત કરવા દોડી આવતા મંત્રીઓ પણ હાલ સંપૂર્ણપણે ચૂપ છે. સુરતના મુખ્ય પ્રવેશદ્વાર સમાન સરથાણા જકાતનાકાથી કામરેજ સુધીના રોડને ‘આઈકોનિક રોડ’ તરીકે ડેવલપ કરવા માટે મંજૂરી મળ્યા બાદ 37 કરોડના ખર્ચની ફાઈલ તૈયાર કરવામાં આવી હતી. જોકે, આ ફાઈલને ફાઈનલ મંજૂરી આપતી મનપાની જાહેર બાંધકામ સમિતિમાં ભાજપના તમામ 9 સભ્ય છે અને વિપક્ષનો કોઈ સભ્ય નથી. આમ છતાં આ સમિતિ દ્વારા 37 કરોડની ફાઈલને મુલતવી રાખી દેવામાં આવી છે અને કોઈ સ્પષ્ટ ઉત્તર આપવામાં આવતો નથી. મહેશ અણઘણે વધુમાં ઉમેર્યું હતું કે, કામરેજના ધારાસભ્ય અને રાજ્યના આરોગ્ય મંત્રી તેમજ સ્થાનિક ચાર કોર્પોરેટરો પણ સંપૂર્ણ અજાણ અને મૌન છે. આ પરિસ્થિતિને સાંખી લેવામાં નહીં આવે તેવી આકરી ચેતવણી આપતાં તેમણે જણાવ્યું કે, જો આગામી જાહેર બાંધકામ સમિતિની બેઠકમાં વાલક-કામરેજ આઈકોનિક રોડના કામને આખરી મંજૂરી આપવામાં નહીં આવે તો ‘આપ’ દ્વારા ભાજપના કાર્યાલય તેમજ મેયરની ઓફિસનો ઘેરાવ કરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

# CAની દિવાળી બગડશે, ભાઈબીજના દિવસે જ GST રિટર્નની ડેડલાઇન

**સ્ટાફ** વતનમાં, ઓફિસો બંધ, ટેક્સ નિષ્ણાતોની ચિંતા વધી, પોર્ટલ પર છેલ્લી ઘડીએ લોડ વધતા રિટર્ન અટકવાનો ડર

### રિટર્નની મુદત લંબાવવા રજૂઆત

આ મુશ્કેલીને ધ્યાને લઈ ધી સધર્ન ગુજરાત કોમર્શિયલ ટેક્સ બાર એસોસિએશન, સુરત દ્વારા સ્ટેટ ટેક્સ કમિશનર, રાજ્ય કર ભવન, અમદાવાદને 29 સપ્ટેમ્બર, 2026ના રોજ લેખિત રજૂઆત કરવામાં આવી છે. પ્રમુખ શશાંક એમ. મીઠાઈવાલા સહિતના હોદ્દેદારોએ પત્રમાં જણાવ્યું છે કે, 7 ઓક્ટોબર, 2026ના રોજ મળનારી GST કાઉન્સિલની બેઠકમાં આ પ્રશ્નને ધ્યાને લઈ ઓક્ટોબર-2026ના GSTR-1 અને GSTR-3Bની ડ્યુ ડેટ લંબાવવામાં આવે, જેથી વેપારીઓ તહેવારો શાંતિથી ઉજવીને ચોકસાઈપૂર્વક રિટર્ન ફાઇલ કરી શકે.

સુરતઃ દિવાળીના તહેવારો આ વખતે GST રિટર્ન ભરનારા વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે મોટી મુશ્કેલી ઊભી કરનારા છે. નવેમ્બરમાં આવતી દિવાળીના કારણે ઓક્ટોબર મહિનાના GSTR-1 અને GSTR-3B સમયસર ભરવા અઘરા પડશે, એવી ચિંતા વેપારી આલમમાં વ્યાપી છે.

8 નવેમ્બરે દિવાળી અને 11 નવેમ્બરે ભાઈબીજ છે. 11 નવેમ્બર એ જ ઓક્ટોબર મહિનાના GSTR-1 ભરવાની છેલ્લી તારીખ છે. આ ચાર દિવસ દેશભરમાં વેપાર-ધંધા, બજારો અને CA-ટેક્સ કન્સલ્ટન્ટોની ઓફિસો સંપૂર્ણ બંધ રહેશે. સુરત જેવા શહેરોમાં ટેક્સટાઇલ, ડાયમંડ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે મોટાભાગનો સ્ટાફ પરપ્રાંતીય છે, જે દિવાળી પર વતન જતો રહે છે. એવામાં સેલ-પરચેઝનો ડેટા એકત્ર કરવો, ઈન્વોઈસ મેળવવા, બેંક સ્ટેટમેન્ટ સાથે રિકન્સિલિએશન કરવું લગભગ અશક્ય બની જાય છે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું છે કે, દિવાળી પછી તરત જ ડેડલાઇન આવતી હોવાથી ભૂલ થવાની શક્યતા વધી જાય છે. પોર્ટલ પર છેલ્લી ઘડીએ લોડ વધતા રિટર્ન અટકવાનો ડર પણ રહે છે. જો રિટર્ન મોડું થાય તો લેટ ફી અને વ્યાજનો બોજો પણ વેપારી પર પડે છે.

# કેન્દ્ર સમક્ષ લઘુતમ ટેકાના ભાવે ખરીદીનો વ્યાપ વધારવા ગુજરાતની માંગ

**કઠોળ**-તેલીબિયાંની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી 25થી વધારી 40 ટકા કરવા અને દિવેલાને પણ ટેકાના ભાવના દાયરામાં લાવો

### ગુણવત્તા નિયંત્રણમાં કડક કાર્યવાહી

બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા રાજ્યમાં તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. 276 ટીમ દ્વારા 6,380 ડીલરની તપાસ કરવામાં આવી હતી, જેમાં 26 FIR નોંધાઈ અને 246 લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા. ચાલુ વર્ષે 94 ટીમે 3,760 સ્થળે તપાસ હાથ ધરીને 136 લાઇસન્સ રદ અથવા સ્થગિત કર્યા છે તથા 15 ફરિયાદ નોંધવામાં આવી છે.

### સૂક્ષ્મ સિંચાઈ હેઠળ 25.91 લાખ હેક્ટર

ગુજરાત ગ્રીન રેવલ્યુશન કંપની દ્વારા અત્યાર સુધીમાં રાજ્યમાં 25.91 લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. ચાલુ વર્ષે વધુ 2 લાખ હેક્ટર વિસ્તારને આ પદ્ધતિ હેઠળ લાવવા માટે રૂ.1,250 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. 14 જિલ્લાના 53 તાલુકાઓમાં EMRI-GVKના માધ્યમથી ‘કિસાન સુવિધા રથ’ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

ગાંધીનગરઃ રવિ સિઝન શરૂ થાય તે પહેલાં ગુજરાત સરકારે કૃષિ ક્ષેત્રે રાજ્યની તૈયારીઓ સાથે ખેડૂતોના હિતને લગતી કેટલીક મહત્ત્વપૂર્ણ માંગણીઓ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરી છે. નવી દિલ્હી ખાતે યોજાયેલી ‘રાષ્ટ્રીય કૃષિ પરિષદ-રવિ અભિયાન-2026’માં ગુજરાતે કઠોળ અને તેલીબિયાંની ટેકાના ભાવે ખરીદીની મર્યાદા 25 ટકાથી વધારી 40 ટકા કરવા તેમજ દિવેલાને લઘુતમ ટેકાના ભાવના દાયરામાં સામેલ કરવાની માંગ કરી છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે રવિ સિઝન માટે પૂરતા પ્રમાણમાં બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે વર્ષ 2026-27માં કૃષિ બજેટ વધારીને રૂ.17 હજાર કરોડથી વધુ કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલી બે દિવસીય પરિષદમાં ગુજરાતના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યની કૃષિ સિદ્ધિઓ, રવિ સિઝનની તૈયારીઓ અને ખેડૂતોને લગતી વિવિધ રજૂઆતો કરી હતી. ગુજરાતે ખાસ કરીને દિવેલાને લઘુતમ ટેકાના ભાવમાં સામેલ કરવાની માંગ કરી છે.

# ‘લૂમ્સ ખાતું બંધ નહીં કરો તો જાનથી મારી નાંખીશું’

**અમરોલી** અંજની ઇન્ડસ્ટ્રીઝમાં રાત્રે ધમકી આપી આતંક મચાવનારા બે ઓડિશાવાસી ઝડપાયા

સુરતઃ કારીગરોને રવિવારે રજા આપવાના મુદ્દે ચાલી રહેલી માથાકૂટ વચ્ચે અમરોલી સ્થિત અંજની ઈન્ડસ્ટ્રીઝમાં ફરી એક વખત વિવાદ સર્જાયો છે. રાત્રિના સમયે લુમ્સ ખાતામાં કામ કરતાં કારીગરોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ખાતું બંધ કરાવવા આવેલા ઓડિશાના બે શખ્સને અમરોલી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ઝડપી પાડ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૩માં શ્યામ સુંદર ટેક્સટાઈલના નામે લુમ્સનું ખાતું ચલાવતા ભાવિકભાઈ કાળુભાઈ પાલડિયાના ખાતા પર તા.૨૮ સપ્ટેમ્બરની રાત્રે ૧૨ઃ૩૦થી ૧ઃ૧૦ વાગ્યાના અરસામાં બે ઈસમો આવ્યા હતા. બંનેએ ત્યાં રાત્રિના સમયે કામ કરતાં કારીગરોને ખાતું બંધ કરી દેવા જણાવ્યું હતું. જો ખાતું બંધ નહીં કરવામાં આવે તો જાનથી મારી નાંખવાની ધમકી આપતાં કારીગરોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પોલીસે ફૂટેજના આધારે ધમકી આપવા આવેલા ઓડિશા ગંજામના ટુલ્લુ બાઉરી પ્રધાન (ઉં.વ.૩૮, રહે., રંગનગર સોસાયટી, અમરોલી, મૂળ ગંજામ, ઓડિશા) અને નારાયણ જુરીયા બહેરા (ઉં.વ.૩૮, રહે., સાંઈકૃપા મેસ, અંજની ઈન્ડસ્ટ્રીઝ, અમરોલી)ને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓ પોતે પણ લુમ્સના ખાતા સાથે સંકળાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. કયા કારણોસર તેઓ શ્યામ સુંદર ટેક્સટાઈલના ખાતા પર પહોંચ્યા હતા અને કારીગરોને ખાતું બંધ કરવાની ધમકી આપવા પાછળનું કારણ શું હતું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### તહેવાર ટાંણે...

2026માં વધીને 65ને રૂપિયા થયો છે. તો દાળ અને શાકભાજીની સાથે ખાદ્યતેલના ભાવમાં પણ વધારો થયો છે.

છેલ્લા એક વર્ષમાં સનફ્લાવર ઓઈલનો ભાવ 161 રૂપિયાથી વધીને 192 રૂપિયા પ્રતિ કિલો થયો છે. એટલે કે તેમાં લગભગ 31 રૂપિયાનો વધારો થયો છે. મગફળીનું તેલ 187 રૂપિયાથી વધીને 208 રૂપિયા પ્રતિ કિલો થયું છે. જ્યારે સરસવના તેલનો ભાવ 189 રૂપિયાથી વધીને 201 રૂપિયા થયો છે. પામ ઓઈલ પણ 133 રૂપિયાથી વધીને 152 રૂપિયા પ્રતિ કિલો થયું છે. તેલના ભાવ વધવાથી રસોઈનો ખર્ચ પણ વધી રહ્યો છે. સુરતનાં ભાગળ વિસ્તારમાં હોલસેલ કરીયાણા તથા મરી મસાલાનાં વેપારીઓનાં જણાવ્યા મુજબ, નાની અને મોટી એલચી, જાવંત્રી, જાયફળ, જીરું, લાલ મરચું, હળદર, કાળા મરી અને ગરમ મસાલાના ભાવમાં પણ 150થી 400 રૂપિયા સુધીનો વધારો થયો સરેરાસ થયો છે. દાળ અને ખાદ્યતેલ મોંઘા થતાં તેની સીધી અસર ઘરનાં બજેટ પર પડી રહી છે. છેલ્લા 6 મહિનાથી ઈંધણના ભાવ વધવાથી પરિવાહનનો ખર્ચ પણ વધી જતા તેની સીધી અસર જીવન જરૂરી વસ્તુઓ પર પડી છે.

### અખાદ્ય ખોરાકનો...

તપાસના દાવા કરવામાં આવે છે, તેમ છતાં પણ આવી વાસ્તવિકતાઓ ત્યારે જ બહાર આવે છે જ્યારે સ્થાનિક નાગરિકો પોતે જાગૃત થઈને સોશિયલ મીડિયાના માધ્યમથી વિગતો જાહેર કરે છે. પાલિકા તંત્ર દ્વારા સામાન્ય રીતે ફરિયાદ મળ્યા બાદ જ દોડધામ કરી પેનલ્ટી કે નોટિસ ફટકારવાની કામગીરી કરવામાં આવતી હોવાથી લોકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. જાગૃત નાગરિકોના પ્રયાસોથી જ ગેરરીતિઓ પ્રકાશમાં આવે છે, પરંતુ અનેક સ્થળોએ હજુ પણ લોકોના સ્વાસ્થ્ય સાથે થતી આવી બેદરકારી સામે કડક કાયદાકીય કાર્યવાહી જરૂરી બની છે.

### મેયર મોડા...

દીધો હતો. આ કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે દીપ પ્રાગટ્ય સાથે શરૂ થવાનો હતો. જેને લઈને પાલિકાનો સ્ટાફ, કતારગામના ધારાસભ્ય વિનોદ મોરડીયા અને ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય કાંતિ બલર સમય કરતાં વહેલા જ સ્થળ પર પહોંચી ગયા હતા. પરંતુ મુખ્ય અતિથિ એવા મેયર માયા માવાણી નિર્ધારિત સમયે પહોંચ્યા ન હતા.

મેયરના આગમન અંગે જાણવા બે વખત ફોન પર પૃચ્છા કરવામાં આવી હતી. જ્યારે જાણવા મળ્યું કે તેમને આવવામાં હજુ ઘણો સમય લાગશે, ત્યારે જનતા અને લાભાર્થીઓને વધુ કલાકો સુધી અટવાવું ન પડે તે માટે બંને ધારાસભ્યોએ મેયરની વધુ રાહ ન જોવાનો નિર્ણય લીધો. આખરે, સમયનો વ્યય અટકાવવા વિનોદ મોરડીયા અને કાંતિ બલરે જાતે જ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો વિધિવત શુભારંભ કરાવી દીધો હતો.

### 60 લાખ...

કંપની અંકલેશ્વર GIDCના વિવિધ ઉદ્યોગોમાંથી નીકળતા પ્રદૂષિત પાણીને એકત્રિત કરી તેની ટ્રીટમેન્ટ અને શુદ્ધીકરણ કર્યા બાદ નર્મદા ક્લીન ટેક (NCT) ખાતે મોકલે છે.

ઘટનામાં તૂટી પડેલી ટાંકીમાં રહેલું પાણી ન્યુટ્રલાઇઝ એટલે કે સામાન્ય કરાયેલું હોવાનું જાણવા મળતાં રાસાયણિક જોખમની દૃષ્ટિએ મોટી રાહત મળી છે. હાલ ટાંકી તૂટવાની ઘટના પાછળનાં ચોક્કસ કારણો, થયેલા નુકસાન અને અન્ય વિગતો અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે. વધુ વિગતો તપાસ પૂર્ણ થયા બાદ સામે આવશે.

### દિવાળી-છઠ...

વખતે ઉધના સ્ટેશન પર ટેક્નોલોજીનો સહારો લેવા જઈ રહ્યું છે. દર વર્ષે તહેવારો દરમિયાન ઉધના સ્ટેશન પર મુસાફરોની સંખ્યા અચાનક વધી જાય છે. આવી સ્થિતિમાં ક્યૂ મેનેજમેન્ટ, હોલ્ડિંગ એરિયા અને મુસાફરોની અવરજવરને નિયંત્રિત કરવા સાથે ટ્રેનોના સંચાલનનું આયોજન રેલવે માટે મોટો પડકાર રહે છે.

આ વખતે ભીડને માત્ર અંદાજના આધારે નહીં, પરંતુ AI આધારિત રિયલ ટાઈમ ક્રાઉડ મોનિટરિંગથી સમજવાની તૈયારી છે.

રેલવેની યોજનામાં સ્ટેશન પરિસર અને મુખ્ય મુસાફર વિસ્તારોમાં લાગેલા કેમેરાથી મળતી લાઈવ વિડીયો ફીડનું AI આધારિત વિશ્લેષણ સામેલ છે. સિસ્ટમ ઓળખી શકશે કે કોઈ નિર્ધારિત વિસ્તારમાં એક સમયે લગભગ કેટલા મુસાફરો હાજર છે અને ભીડ કઈ દિશામાં વધી રહી છે. આ જ ડેટાના આધારે અલગ-અલગ સમયે મુસાફરોની ભીડની પેટર્ન તૈયાર કરી શકાશે.

### ગયા વર્ષે...

કરીને નવેમ્બર 2023માં દિવાળી અને છઠ્ઠ પર્વ નિમિત્તે સુરત રેલવે સ્ટેશન પર બિહાર તરફ જતી ટ્રેનમાં બેસવા માટે અચાનક અસહ્ય ભીડ ઊમટી હતી. પ્લેટફોર્મ પર થયેલી ભારે ધક્કામુક્કી અને નાસભાગ સર્જાવાને કારણે એક મુસાફરનું મોત નીપજ્યું હતું અને અનેક લોકો ઇજાગ્રસ્ત થયા હતા, જેણે સમગ્ર દેશમાં રેલવે સુરક્ષા સામે મોટા સવાલો ઊભા કર્યા હતા. કેટલીક જગ્યાએ સ્થિતિ એટલી બગડી કે પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો.

### બફારા વચ્ચે...

જ્યારે લઘુત્તમ તાપમાન 25.1 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.શહેરમાં આજે હવામાં ભેજનું પ્રમાણ 69 ટકા જેટલું ઊંચું નોંધાયું હતું. ભેજનું પ્રમાણ વધુ હોવાને કારણે તાપમાન સામાન્ય કરતાં ઓછું હોવા છતાં શહેરીજનોએ ભારે ગરમી અને બફારાનો અનુભવ કર્યો હતો. બીજી તરફ, પવનની ગતિ પણ મંદ રહેતા બપોરના સમયે લોકો ઉકળાટથી ત્રસ્ત જોવા મળ્યા હતા. જોકે, આગામી દિવસોમાં સંભવિત વરસાદી ઝાપટાં ગરમીમાંથી આંશિક રાહત અપાવે તેવી આશા છે.

# મારી સામે કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સનો કેસ કેમ કર્યો?

**પાલમાં** કેસ પરત ખેંચવા પતિએ પત્નીને ઢોર માર માર્યો, પરિણીતા દ્વારા પતિ, દિયર અને સાસુ સામે ફરિયાદ

**પાલ** પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

સુરતઃ સુરતના પાલ વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય પરણિતા સાથે દહેજમાં સોનું-ચાંદી ન લાવવાના મેણાં-ટોણાં અને ખાવાના મુદ્દે કચકચ કરી પતિએ દાદાગીરી કરી કોર્ટ કેસ પરત ખેંચવા ઢોરમાર માર્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

પાલ નિશાલ સર્કલ પાસે આવેલી કુશલ વાટીકા સોસાયટીમાં રહેતી ૨૯ વર્ષીય યુવતીના લગ્ન ડિસેમ્બર ૨૦૨૩માં રાજસ્થાનના જાલોર જિલ્લાના વતની અને સુરતમાં સાડીનો વેપાર કરતા દીલીપ રમેશકુમાર જૈન સાથે સમાજના રીત-રિવાજ મુજબ મધ્યપ્રદેશના નીમચ ખાતે થયા હતા. લગ્ન બાદ ટૂંક સમયમાં જ સાસરિયાંઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો.

ઘરમાં નાની-નાની વાતોમાં દિયર જીતેન્દ્રકુમાર રમેશ મરાડિયા અવારનવાર દહેજ બાબતે મેણાં મારતો કે, ‘તારી પત્ની દહેજમાં કોઈ સોના-ચાંદીના ઘરેણાં લાવી નથી અને સાવ ખાલી હાથે આવી છે.’ તો બીજી તરફ સાસુ શોભાગ દેવી તેમને ખાવા બાબતે પણ અવારનવાર બોલાચાલી કરી મહેણાં-ટોણાં મારતી હતી.

અસહ્ય માનસિક ત્રાસ વધી જતાં આખરે પત્નીએ પતિ સામે ઘરેલું હિંસાનો કેસ કર્યો હતો. આ વાતનો ખાર રાખી ગત તા. ૨૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારે સાડા નવેક વાગ્યે પતિ દીલીપે ઘરે આવીને બૂમાબૂમ કરી ‘તે કેમ મારી સામે કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલેન્સનો કેસ કર્યો છે?’ તેમ કહી ઢીક-મુક્કીનો માર મારી કોર્ટ કેસ પરત ખેંચી લેવા ધમકી આપી હતી. પાલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# બારની કારોબારી કમિટી બેઠકમાં વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવી

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળની કારોબારી કમિટી, કો-ઓપ્ટ સભ્યો અને એડવાઈઝરી કમિટીની આજની સંયુક્ત બેઠકમાં વિવિધ પ્રશ્ને ચર્ચા થઈ હતી. જેમાં પ્રિન્ટેડ ડિરેક્ટરીની મુદ્દે કોર્ટ મેટરમાં વકીલ રોકવા અને કોર્ટમાં દાવો કરનાર વકીલ સામે કાર્યવાહી કરવાના, બહુવાળી નાનપુરા ટેબલના મુદ્દે બહારના લોકો ટેબલ મુકવાની ફરિયાદ તથા આગામી નવરાત્રિના પર્વ દરમિયાન અન્નપૂર્ણા માતા મંદિર ખાતે એક દિવસ ગરબાના આયોજનના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડિરેક્ટરીને મુદ્દે આગામી જનરલ સભા પર નિર્ણય લેવા ઠરાવવામાં આવ્યું હોવાનુ જાણવા મળ્યું છે. આ બેઠક પ્રમુખ ઉદય પટેલની આગેવાનીમાં મળી હતી. જેમાં સુરત જીલ્લા વકીલ મંડળના ઉપપ્રમુખ સંજય પટેલ, મંત્રી મુકુંદ રામાણી, કવન પટેલ, દિવ્યા કોસંબીયા, ફેની પટેલ સહિતના બારની કારોબારી કમિટિના સભ્યો હાજર રહ્યાં હતાં.